અપીલ અરજી નં.૨૪૬ તા.૪–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૦–૮–૦૯ નીઅરજીથી સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૯–૪–૦૮ ના રોજ કરવામાં આવેલ તે બાબતે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તે બાબતની સંપુર્ણ માહિતી આપી ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી તેની તથા હાલ પણ ગેરરીતી ચાલુ છે તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવશે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૬/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૦–૮–૦૯ નીઅરજીથી સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૯–૪–૦૮ ના રોજ કરવામાં આવેલ તે બાબતે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તે બાબતની સંપુર્ણ માહિતી આપી ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી તેની તથા હાલ પણ ગેરરીતી ચાલુ છે તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવશે તેની માહિતી આપવા બાબતે કોઈ પ્રત્યુત્તર મળેલ નહીં હોવાનું જણાવી તેનાથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, માહિતી પ્રત્યુત્તર પત્ર તા.૧૮–૯–૦૯ માં નિર્દિષ્ટ સેન્ટ્રલઝોનના પત્ર તા.૨૫–૬–૦૮ ની નકલ તથા પત્રમાં નિર્દિષ્ટ અરજદારના તા.૯–૪–૦૮ ના પત્રની વિગતે કરેલ ચકાસણીની વિગતો તેમજ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૮૭૫ તા.૧૧–૧૧–૦૯ ના રોજ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજી દિન–૧૮ ના વિલબંના કારણો અને વાજબીપણું તથા અરજીમાં નિર્દિષ્ટ તા.૯–૪–૦૮ ના પત્રની નકલ કે તે અંગે મળેલ પ્રત્યુત્તર કે તબદીલીની વિગતો હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૧૧–૦૯ ના રોજ પત્ર પાઠવી અપીલના વાજબીપણામાં તા.૧૬–૧૦–૦૯ થી દિવાળીના તહેવાર શરૂ થતાં હોય નવા વર્ષના દિવસ બાદ બહારગામ ફરવા ગયા હતાં ત્યાંથી તા.૩–૧૧–૦૯ ના રોજ પરત ફરેલ અને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે એવું જણાવેલ છે. તા.૯–૪–૦૮ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી તરફથી વીઆઈડી/૧૧૪૧ તા.૨૦–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની તા.૯–૪–૦૮ ની કમિશ્નરશ્રીને સંબોધીને કરેલ ફરીયાદની નકલ, આપેલ માહિતી પત્ર નં.વીઆઈડી/૮૫૬ તા.૧૮–૯–૦૯ ની નકલ, સેન્ટ્રલઝોનના આંન.૩૩૨ તા.૨૫–૬–૦૮ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૯–૪–૦૮ ના રોજ કરવામાં આવેલ તે બાબતે શું શું તપાસ કરવામાં આવી અને હાલ શુ કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તે બાબતની સંપુર્ણ માહિતી આપી ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી તેની તથા હાલ પણ ગેર રીતી ચાલુ છે તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવશે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી '' આપની તા.૯–૪–૦૮ ના રોજની અરજી અન્વયે વીજીલન્સ વિભાગ ધ્વારા પત્ર નં.વીઆઈડી/૧૭૩ તા.૬–૫–૦૮ ના રોજ ઈ.ચા. કાર્યપાલક ઈજનેર (સો.વે.મે.)પ્રતિ ઘટિત કાર્યવાહી કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમજ એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/આ.નં૩૩૨ તા.૨૫–૬–૦૮ થી વોર્ડ વિસ્તારમાં ડોર ટુ ડોર ગાડીઓની ચકાસણી કરવામાં આવેલ છે અને આપના જણાવ્યા મુજબ ગાડીઓની પાછળ આવા અલગથી પ્લાસ્ટિકના થેલાઓ લટકાવતાં હોવાનું ધ્યાને આવેલ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં સદર પત્રનીવીજીલન્સ ખાતા ધ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીની આકસ્મિક ચકાસણી કરવામાં આવે છે. '' તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી જે માહિતી આપવામાં આવેલ છે તે સાચી તથા સંતોષકારક નથી. તેવું જણાવી મુદ્દા નં.૨ માં નં.વીઆઈડી/૧૭૩ તા.૬–૫–૦૮ ના રોજ પત્ર લખવામાં આવેલ તેવું જણાવી એક વર્ષ થવા છતાં શું કાર્યવાહી કરવામાં આવી તેની કોઈ જાણકારી આપવામાં આવેલ નથી. તેમજ શું તપાસ કરવામાં આવી તેની પણ કોઈ જાણકારી આપવામાં ન આવી શા માટે. ફકત અરજી લાગે છે તે વિભાગને મોકલવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૩) હાલ પણ જે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વાળા પણ ગેરરીતી કરે છે તે બાબતની શું કાર્યવાહી કરવામાં આવી તેની કોઈ જાણકારી આપવામાં ન આવી શા માટે? મુદ્દા નં.(૪) ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનમાં ગેરરીતી કરે છે તે બાબતે સંદેશ પેપરની તા.૫–૮–૦૯ ની કોપી તેમજ ડીબી ગોલ્ડ પેપરના તા.૨૨–૯–૦૯ ની કોપી સામેલ છે. જે જોતાં ખબર પડશે કે શું ખરેખર લાલીયાવાડી ચાલે છે કે નહીં? મુદ્દા નં.૫ માહિતી જે આપવામાં આવેલ છે જેમાં મારો અપીલ કરવાનો અધિકાર હોય જેનો કોઈ ઉલ્લેખ કરવામાં ન આવ્યો શા માટે? આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અરજદારને મુળ

અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી પૂરી પાડવામાં આવેલ જણાય છે. પરંતુ તેમાં તપાસની વિગતો આપવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના માહિતી પ્રત્યુત્તરથી આકસ્મિક ચેકીંગ કરવામાં આવે છે. તેવી આપેલ માહિતી ધ્યાને લેતાં તેવા ચેકીંગ ની હકીકતલક્ષી માહિતી આપવા પાત્ર થાય અરજદારની અપીલ મુદ્દા નં.૩ ની માહિતી માંગતી મુળ અરજીથી અલાયદી છે. જેથી તે અંગે અપીલનું કારણ આ તબકકે ઉત્પન્ન થાય નહીં. મુદ્દા નં.૪ માં કોઈ માહિતી માંગેલ નથી. મુદ્દા નં.૫ અંગે અધુરી કે અપુરતી માહિતી કે માહિતિના ઈન્કારના કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ – ૭(૮) મુજબ અમલ કરવો રહે. પરંતુ પ્રસ્તુત કિસ્સામાં મહદ અંશે જાહેર માહિતી અધિકારીની કરેલ કાર્યવાહીથી અરજદારે અસંતોષ વ્યકત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અપવાદ સિવાય ઉપલબ્ધ માહિતિ આપેલ જણાય છે. અરજદારે કલમ ૧૯(૧) હેઠળ તા.૧૮–૧૦–૦૯ સુધીમાં અપીલ કરવાની રહે જયારે તેમને માહિતી મળેલ નથી તે સંજોગમાં પુરક વિગતોમાં વિલંબનું રજૂ કરેલ કારણ ગ્રાહય રાખવા પાત્ર ઠરે નહીં. તેમ છતાં કાયદાના હાર્દ અને જોગવાઈ સાથે જાહેર હિત અને પારદર્શિતાના ઉદ્દેશ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને મળેલ નહીં હોવાનું અરજદારે જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૮–૯–૦૯ ના પત્રથી સમય અવધિમાં મોકલ્યાનું તેમણે જણાવેલછે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં પુનઃ સદર પત્રની નકલ મોકલી આપવા તથા ફરિયાદની હકીકતમાં જણાવેલ વિગતે તપાસલક્ષી આકસ્મીક તપાસની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ ની જોગવાઈ અનુસરી લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવડાવવી આરટીઆઈ એકટ કલમ–૭(૧) હેઠળ ઠરાવેલ સમયઅવધિમાં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા તથા હવે પછી કલમ ૭(૮) ની જોગવાઈનું પાલન કરવા કાળજી લેવા જાહેર માહિતી અધિકારી અને વીજીલન્સ અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ